# ઈરાન હજી પણ પરેશાન! અંદરથી અને બહારથી



ઇઝરાયલ અને અમેરિકા સામેના યુદ્ધમાં ઈરાને સારો એવો માર ખાધો. જો કે અમેરિકાના બંકર બસ્ટર બોમ્બ ઈરાનનો અણુ ફેસેલિટીઓને ભેદવામાં સફળ નિવડ્યા નથી. કંઈક આ મતલબનો અહેવાલ અમેરિકાની ગુપ્તર સંસ્થા દ્વારા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પહોંચાડાયો તો પ્રમુખ તેની સાથે સહમત નથી અને થોડા દિવસો પૂર્વે જ સમાચાર આવ્યા હતા કે ટ્રમ્પ એ ચોક્કસ ગુપ્તચર અધિકારીને રૂખસદ આપવા માગે છે. વર્તમાનમાં ટ્રમ્પ શાસન દુનિયાના અનેક દેશો સામે અને ઘર આંગણે પ્રજા સામે, જે નિવારી શકાયું હોત એ ટેરિફ યુદ્ધ લડી રહ્યા છે અને અમેરિકા સહિત દુનિયાભરમાં અજંપો સર્જાયો છે. બીજી તરફ યુદ્ધ પૂરું થયા બાદ ઈરાનમાં જે શાંતિ પાછી ફરવી જોઈએ તે ફરી નથી. અમેરિકા-ઈઝરાયલ ફરીથી હુમલો કરશે એ દહેશત હવામાં છે. સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલ ખામેનીને આ ડર ઉપરાંત યુદ્ધમાં માર ખાધા પછી ઈરાની પ્રજા કાબૂમાં નહીં રહે, શાસનપલટો થઈ શકે છે તે ભય સતાવી રહ્યો છે. યુદ્ધ પૂરું થયા પછી પણ ચિંતાઓ યથાવત છે.

ઈઝરાયલે હાલમાં પણ ઈરાનના મિત્ર અને આજ્ઞાંકિત યેમેન પર હુમલાઓ ચાલુ રાખ્યા છે. યુદ્ધ સમયે ઈરાનમાં સત્તા પક્ષ અને વિપક્ષો એક બની ગયા હતા પરંતુ ઈરાનની સમસ્યા એ છે કે છેલ્લાં વીસેક વર્ષથી ઈરાનની બહુમતી પ્રજા તાનાશાહી સરકારથી નારાજ છે. યુદ્ધ સમયની એકતાએ જૂન મહિનામાં શાસનને નૈતિક બળ પૂરું પાડ્યું. એ બાર દિવસના યુદ્ધમાં ઈઝરાયલે ઈરાનની સેનાના ટોપ કમાન્ડરો, પરમાણુ વિજ્ઞાનીઓની કત્લેઆમ કરી નાખી હતી, ઈરાનની એર ડિફેન્સને નાકામિયાબ બનાવી હતી અને અમેરિકાની મદદ વડે મહત્ત્વની પરમાણુ ફેસેલિટીઓને તોડી પાડી હતી.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

પરંતુ યુદ્ધ મોરચે શાંતિ સ્થપાઈ છે ત્યારે હવે ઈરાનીઅનો સવાલ પૂછી રહ્યા છે કે જો હવે ફરીથી યુદ્ધ જાગે તો ઈરાનનું ઘવાયેલું અને ચિંતામગ્ન શાસન તેનો જવાબ કઈ રીતે આપશે? એક તો ઈરાન પર આંતરરાષ્ટ્રીય પ્રેશર પણ ઊંચું છે અને ઈરાની પ્રજાનો અસંતોષ પણ ઈસ્લામિક શાસન સામે વર્ષોથી વધી રહ્યો છે. લોકોમાં એક સહમતિ બની રહી છે કે હવે અશાંતિ કે યુદ્ધ સર્જાશે તો તે શાસન પરિવર્તન માટે કારણરૂપ અથવા પ્રેરક બની રહેશે. અર્થાત ખામેનીના શાસનનો અંત આવશે. આ લાગણી પ્રજામાં સાર્વત્રિક છે અને શાસનને તેનો ડર લાગી રહ્યો છે. ફલતઃ પ્રજાની નારાજી ઓછી કરવાના પ્રયત્નોમાં સરકાર લાગી ગઈ છે. કડક ઈસ્લામિક નિયમો હળવા કરવા માંડી છે. દુનિયામાં લગભગ તમામ શાસનો અમુક સિદ્ધાંતો, અમુક નિયમ, નિયમાવલિઓને આગળ કરીને સત્તા પર આવે છે અને જ્યારે શાસન સામે ભય ઊભો થાય તો, જરૂર પડ્યે એ સિદ્ધાંતોને પણ તિલાંજલિ આપે છે. સૌથી મહત્ત્વની સત્તા હોય છે, જો કે તેમાં અપવાદો પણ જોવા મળતા હોય છે. ઈઝરાયલના હુમલાએ ઈરાનની પ્રજાનાં અને ઈરાનના શાસનની ઈચ્છાઓ, અરમાનોમાં જમીન

**સુધારાવાદી વિપક્ષી નેતાઓ કહી રહ્યા છે કે, ‘ધારે ત્યારે ઇરાન પર આક્રમણ કરવાની ઇઝરાયલની ક્ષમતા અને તેનો સામનો કરવાની ઇરાનની અક્ષમતાએ ઇરાનના વર્તમાન શાસનનાં જૂઠાણાંઓ ખુલ્લાં પાડી દીધાં છે**

આસમાનનો તફાવત હતો ખુલ્લો પાડી દીધો છે. એ પણ ચર્ચાઓ ઈરાનમાં ચાલી રહી છે કે ઈસ્લામિક શાસન હવે ઈરાનને કઈ દિશામાં લઈ જશે? અનુમાનો અટકળો અને અફવાઓ વધતી ચાલી છે. બીજી તરફ સરકાર અત્યારે પોતાને બચાવવાની ચિંતાઓ અને કામમાં લાગી છે. શું ઈરાનની સરકાર મુંઝાયેલી પ્રજા માટેના કડક અનુશાસનના નિયમો ઢીલા મૂકશે? હાલમાં એકહથ્થુ સત્તા શાસનનું ખામેનીનું જે માળખું અથવા સ્ટ્રક્ચર છે. તેમાં ફેરફાર થશે કે કેમ? અનેક સવાલો પુછાઈ રહ્યા છે. હાલમાં તો વિદેશનીતિ, અર્થનીતિ, સંરક્ષણ નીતિથી માંડીને તમામ ઘરેલુ બાબતો વિષે માત્ર એક અલી ખામેનીના જ નિર્ણયો આખરી ગણાય છે. એવી ચિંતાઓ પણ વ્યક્ત થઇ રહી છે કે સત્તા અને શાસનના કેન્દ્રમાં જે ઈરાનની ધાર્મિક પોલીસ અર્થાત રિવોલ્યુશનરી ગાર્ડસ છે તે સત્તા પર વધુ કબ્જો જમાવી બમણા જોરથી આપખુદ બનશે. આટલું જ નહીં, રિવોલ્યુશનરી ગાર્ડસ ઈઝરાયલ અને પશ્ચિમ તરફની દુશ્મનાવટને પણ વધુ બહેકાવશે જેથી કરીને તે પોતે સત્તા પર કબજો ચાલુ રાખી શકે.

મોહમ્મદ અલી અબતાહી એક સુધારાવાદી નેતા છે, પરંતુ હાલના ઈસ્લામિક રિપબ્લિકને વફાદાર છે. એમના કહેવા પ્રમાણે ઈરાનની પ્રજાની માગણીઓ અને સરકારી સિસ્ટમ વચ્ચે વીસ વર્ષનો તફાવત અથવા ખાલી જગ્યા છે અને તેને રાતોરાત ભરવાનું શક્ય નથી. અબતાહી ઈચ્છે છે કે શાસનની અંદરથી જ સુધારાવાદી પ્રયત્નો શરૂ કરવામાં આવે. યુદ્ધ બાદ શાસનની સ્થિતિ નબળી પડી છે. તેમાં વળી, અસ્થિર મગજના ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ છે. ક્યારે શો નિર્ણય લેશે તે કહી શકાય નહીં. ગત યુદ્ધમાં વધુ જોરાવર સાબિત થયેલા ઈઝરાયલનો પણ ભરોસો નથી. અમેરિકન ગુપ્તચરોના અહેવાલને ડોનાલ્ડ ટ્રમ્પ કદાચ ગંભીરતાથી નહીં લેતા હોય પરંતુ ઈઝરાયલ અને નેતાન્યાહૂ જરૂરથી લેતા હશે. એમની પોતાની જાસૂસી સંસ્થા મોસાદનો પણ રિપોર્ટ ઈઝરાયલ પાસે છે. જો ઈરાનનાં અણુમથકો અને તેમાંની પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ નહીં થઇ હોય તો ઈઝરાયલ તે કર્યા વગર જંપશે નહીં.

ઈરાનની ધાર્મિક પોલીસે હવે હિજાબ પહેરવા માટેની જબરદસ્તી બંધ કરી છે. ત્યાં સુધી કે હિઝાબ પહેરવાની પરવા નહીં કરતી સ્ત્રીઓની સંખ્યા તહેરાનમાં વધી રહી છે. હવે તો તેઓ ખભા પર પણ દુપટ્ટો કે સ્કાર્ફ ધારણ કરતી નથી અને પોલીસ પણ તેની પરવા કરતી નથી. આંખ આડા કાન કરે છે. ઈસ્લામિક શાસનમાં બુરખો અનિવાર્ય છે. છતાં ઈસ્લામના જે કેન્દ્રસ્થ વિચારો અને નિયમો છે તેનો ભંગ થાય તો પણ ઈરાનની પોલીસ લોકોને રંજાડતી નથી. યુદ્ધ બાદ આ પરિવર્તન તો આવ્યું જ છે પરંતુ વધુ અને વધુ સુધારાઓની માગણી કરી

...અનુસંધાન પાના નં. 4 પર

# પત્ની હત્યાનાં 23 વર્ષે પકડાયો 75 વર્ષનો પતિ

અગ્રેજીમાં કહેવાય છે કે ક્રાઈમ નેવર પે, પરંતુ બદલાતા સમયે આમાં ઘણા અપવાદ બતાવ્યા છે. આની સામે મોટાભાગના ગુનેગારો ક્યારેક ને ક્યારેક ઝડપાઈ જાય. યુવાનીમાં જાણતા કે અજાણતા ગુનો થયો હોય. પછી જીવનભર દોડવું, ભાગવું, બચવું પડે અને વૃદ્ધાવસ્થામાં ‘કાનૂન કે લંબે હાથ’ ગળા સુધી પહોંચી જાય ત્યારે કેવું લાગતું હશે?

આ સવાલનો જવાબ 72 વર્ષના હનુમંતપ્પા સૌથી સારી રીતે આપી શકે. શરૂઆત કરીએ હનુમંતપ્પાનો અન્ય પરિચય મેળવવાથી. કર્ણાટકના કોપ્પલ જિલ્લાના રહેવાસી હુસેન્નાપ્પાનો દીકરો હનુમંતપ્પા બર્દાલી પ્રાયમરી હેલ્થ સેન્ટરમાં જુનિયર હેલ્થ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. એ સમયે રહેવાનું રાયચુર જિલ્લાના માનવી તાલુકાના હલાધાલ ગામમાં. આ માણસના નસીબમાં કદાચ શાંતિ નહોતી કાં લગ્ન-સુખ નહોતું.

હનુમંતપ્પાએ પહેલા લગ્ન કર્યાં પણ પહેલી પત્ની મોટે ગામતરે નીકળી પડી. એકલતા સહન ન થવાથી તેણે બીજી વાર લગ્ન કર્યા પરંતુ બીજી પત્ની જીવતેજીવ એને છોડીને જતી રહી. પહેલી પત્નીના સ્વર્ગવાસ અને પછી છૂટાછેડા છતાં હનુમંતપ્પા ત્રીજી વાર ઘોડે ચડ્યો. તેની ત્રીજી પત્ની બની કોપ્પલની રેણુકાઅમ્મા. ગંગાવતી વિસ્તારના લક્ષ્મી કેમ્પ એરિયામાં આ યુગલ રહેતું હતું પણ સ્થળના નામમાં ગંગા હોવાથી ન શાંતિ હતી કે ન પવિત્રતા અને લક્ષ્મી હોવા છતાં માનસિક નિરાંત નહોતી.

હનુમંતપ્પાની માનસિકતા કેવી હશે એ તો માનસશાસ્ત્રીઓનો અભ્યાસનો વિષય છે પરંતુ એ ચોક્કસપણે જલ્દી ઉશ્કેરાઈ જતો હશે અને ક્રોધને વશ થઈને કંઈ પણ કરી બેસે એવો હોવો જોઈએ. બિચારો


**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

એંગર મેનેજમેન્ટ જેવું કંઈ જાણતો, સમજતો નહીં હોય કે એની જરૂરિયાત લાગતી નહીં હોય.

ત્રણ-ત્રણ લગ્નના અનુભવ છતાં હનુમંતપ્પાને પત્નીને કેવી રીતે રાખવી, સાચવવી કે પ્રેમ કરવો એ ન આવડ્યું. અરે, એની સાથે કેવી રીતે વાત કરવી, એને સમજાવવી-મનાવવી- પટાવવી એ પણ ન ફાવ્યું. આ બધા વચ્ચે 2002માં ન બનવાનું બની ગયું. બંનેના જીવનમાં અણધાર્યા વળાંક આવ્યા. રેણુકાઅમ્માના જીવન પર કાયમી પૂર્ણવિરામ મુકાઈ ગયું. હા, નાનકડી વાત પરથી ચર્ચા અને વિવાદ થયાં. કોઈક વાતે મગજ ગુમાવીને હનુમંતપ્પાએ પત્નીને છરી ભોંકી દીધી. પત્નીએ તો પ્રાણ ત્યજી દીધા પરંતુ હનુમંતપ્પાએ નિરાંત, શાંતિ, ઊંઘ અને સ્થિરતા કાયમ માટે ગુમાવી દીધાં. પત્નીની હત્યા કરી નાખ્યા બાદ કાયદાથી બચવા માટે એ ભાગતો રહ્યો. એક સ્થળે થોડું રોકાય ને પછી ત્યાંથી બીજી જગ્યાએ એમ કરતાં ત્રીજી, ચોથી અને ન જાણે કેટકેટલીય જગ્યાએ એ દિવસો વિતાવતો રહ્યો.

હનુમંતપ્પાને મનમાં સતત ફફડાટ રહે કે પોલીસ ગમે તે ઘડીએ પોતાને પકડી પાડશે. પછી થર્ડ ડિગ્રી ટોર્ચર, અદાલતમાં ખટલો અને આકરી સજા. જન્મટીપ કે ફાંસી? આ સવાલો એને પજવતા રહ્યા. ન એ શાંતિથી જીવી શકતો હતો, ન નિરાંતે ખાઈ-પી શકતો હતો કે ન ગાઢ મીઠી ઊંઘ માણી શકતો હતો. ઘાણીના બળદ ગોળ ગોળ ફરતાં રહે પણ રાતે તો આરામ પામી





**હનુમંતપ્પાને મનમાં સતત ફફડાટ રહે કે પોલીસ ગમે તે ઘડીએ પોતાને પકડી પાડશે. પછી થર્ડ ડિગ્રી ટોર્ચર, અદાલતમાં ખટલો અને આકરી સજા. જન્મટીપ કે ફાંસી? આ સવાલો એને પજવતા રહ્યા. ન એ શાંતિથી જીવી શકતો હતો, ન નિરાંતે ખાઈ-પી શકતો હતો કે ન ગાઢ મીઠી ઊંઘ માણી શકતો હતો**

શકે. હનુમંતપ્પા તો ભાગતો રહ્યો, ભાગતો ને ભાગતો જ રહ્યો. અંતે પૂરાં 23 વર્ષ બાદ હનુમંતપ્પાની દોડાદોડી પૂરી થઈ ખરી. બન્યું એવું કે હનુમંતપ્પાને વતન બહુ સાંભરતું હતું. ત્યાં વિતાવેલું બાળપણ એને વતન જાણે ખેંચી રહ્યું હતું. 23 વર્ષ સુધી ન પકડાયેલા હનુમંતપ્પાને ગળા સુધી ખાતરી કે હવે પોલીસ પોતાને ભૂલી ગઈ હશે. એમની પાસે ઘણાં વધુ મોટાં અને મહત્ત્વનાં કામ હોવાનાં જ. વળી, આટલાં વર્ષોમાં હું એટલો બધો બદલાઈ ગયો છું કે મને પોલીસ કે કોઈ ઓળખી થોડા શકવાના હતા.

75 વર્ષના હનુમંતપ્પાને જીવનનો સૌથી મોટો આંચકો લાગવાનો હતો. એ કોપ્પલ જિલ્લાના વતનના ગામ ગંગાવતીની હવાને શ્વાસમાં લે એ અગાઉ પોલીસે એને ઝડપી લીધો. એનું નસીબ ખૂટી પડ્યું અને છેક આયખાના અંત ભાગે પોલીસ એના સુધી પહોંચી ગઈ. 2002માં હત્યા અને 2025ના જૂનમાં ધરપકડ થઈ.

ધરપકડ વખતે હનુમંતપ્પા- વયોવૃદ્ધ આરોપીને આંખે પૂરું દેખાતું નહોતું. બે કોન્સ્ટેબલને પકડ્યા વગર એ ઊભો પણ રહી શકતો નહોતો. બોલવામાં એની જીભ પણ થોડી થોથવાતી હતી. દૂરથી જોનારાને લાગે કે કોઈ બિચારો સીનિયર સિટિઝન પોલીસ પાસે મદદ માંગવા આવ્યો છે. ધરપકડ બાદ પોલીસે ઘણા લાંબા સમયે મળેલી સફળતાની વિગતો જાહેર કરી. હનુમંતપ્પાએ પત્નીની માત્ર હત્યા જ નહોતી કરી પણ લાશને એક કોથળામાં ઠાંસીને ભરી દીધી હતી. પછી લાશનો કોથળો ઉપાડીને બસમાં ચડી ગયો હતો. એનો ઈરાદો હતો કોઈક સલામત જગ્યાએ લાશને સગેવગે કરી નાખવાનો પરંતુ એવો મોકો ન મળ્યો એટલે કોથળો મૂકીને નિર્દયી બસમાંથી ઊતરી ગયો. પછી નજીકના બેલ્લારી જિલ્લામાંથી પોલીસને રેણુકાઅમ્માનું શબ હાથ લાગ્યું હતું. જ્યારે તપાસમાં રેલો એના પતિ સુધી પહોંચ્યો ત્યારે આરોપી જાણે એકાએક હવામાં ઓગળી ગયો હતો.

પોલીસોની બદલી થતી રહી, અમુક નિવૃત્ત થયા પણ રેણુકાઅમ્મા મર્ડર કેસની ફાઈલ બંધ ન થઈ અને અંતે હનુમંતપ્પાને આખરી દિવસો જેલમાં જ ગાળવા પડે એવી નોબત આવી ગઈ. અત્યારે હનુમંતપ્પાને પોતાના ભવિષ્યનો વિચાર સતાવતો હશે, રેણુકાઅમ્માની હત્યા માટે પસ્તાવો થતો હશે કે હજી વતનની માટી બોલાવતી હશે?

## શિવરાજ સિંહ ચૌહાણ આગામી ભાજપપ્રમુખની રેસમાં

શું કેન્દ્રીય કૃષિમંત્રી અને મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આગામી ભાજપ પ્રમુખની રેસમાં આગળ છે? ભાજપનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, ગયા સપ્તાહના અંતે ચૌહાણની RSS વડા મોહન ભાગવત સાથે એક પછી એક મુલાકાત થયા બાદ પક્ષમાં અટકળોનો માહોલ છે. તેઓ નવી દિલ્હીમાં




RSS મુખ્યાલયમાં લગભગ 45 મિનિટ સુધી મળ્યા હતા. પાર્ટીનાં સૂત્રો કહે છે કે, આ બેઠક એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે ચૌહાણ લગભગ બે વર્ષના અંતરાલ પછી RSS વડાને મળ્યા હતા. તેઓ કહે છે કે આ એક સંકેત છે કે કૃષિમંત્રીને નવી જવાબદારી સોંપવામાં આવી શકે છે. એ વાત જાણીતી છે કે ચૌહાણ સંઘના પ્રિય છે અને ગયા વર્ષે મધ્ય પ્રદેશના મુખ્ય મંત્રીપદેથી રાજીનામું આપ્યા પછી તેમની ભાજપ પ્રમુખપદ માટે વિચારણા કરવામાં આવી રહી હતી. જો કે 2024માં લોકસભાની ચૂંટણીને કારણે નવા પક્ષ પ્રમુખની ચૂંટણી મુલતવી રાખવામાં આવી હતી અને વર્તમાન જે પી નડ્ડાનો કાર્યકાળ વધારવામાં આવ્યો હતો. નડ્ડાની સેવાનું વિસ્તરણ એટલા માટે આપવામાં આવી રહ્યું છે કારણ કે RSS અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી ભાજપ પ્રમુખના નામ પર સર્વસંમતિ મેળવી શક્યા નથી. જો કે શરૂઆતમાં ભાજપ પ્રમુખની પસંદગી પક્ષ દ્વારા કરવામાં આવે છે, તે કોઈ રહસ્ય નથી કે તેમની પસંદગી RSS સાથે પરામર્શ કર્યા પછી કરવામાં આવે છે. આ પરંપરા અટલ છે અને અટલ બિહારી વાજપેયી વડા પ્રધાન હતા ત્યારે પણ તેનું પાલન કરવામાં આવતું હતું. કેન્દ્રમાં પાર્ટીને પહેલી વાર બહુમતી સરકાર બનાવ્યા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ભાજપ પ્રમુખ પસંદ કરવાની સ્વતંત્રતા આપવામાં આવી હતી અને સતત બીજી મુદત જીત્યા પછી પણ નિર્ણય તેમના હાથમાં રહ્યો.જો કે 2024માં ભાજપ બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયા પછી RSSએ પોતાને મજબૂત બનાવવા અને પરંપરાને પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો હોય તેવું લાગે છે. ભાજપ વર્તુળો આશાવાદી છે કે 9 સપ્ટેમ્બરના રોજ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પછી તરત જ નવા અધ્યક્ષનું નામ જાહેર કરવામાં આવશે. તે મહત્ત્વપૂર્ણ છે કે એક કટ્ટર RSS વ્યક્તિ સી પી રાધાકૃષ્ણનને આ પદ માટે NDA ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા. આ પસંદગીને મોદી-શાહ જોડી તરફથી RSSને પાર્ટી પ્રમુખની નિમણૂક અંગેની મડાગાંઠ તોડવા માટે શાંતિ પ્રસ્તાવ તરીકે જોવામાં આવી રહી છે.

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ કામચલાઉ બેઘર થશે?

એવું લાગે છે કે ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર થોડા સમય માટે બેઘર થવાના છે એ નક્કી છે કારણ કે તેમણે તેમના સત્તાવાર કાર્યકાળના અંતના બે વર્ષ પહેલાં અચાનક રાજીનામું આપી દીધું હતું તેથી મોદી સરકાર નિયમો મુજબ તેમના માટે સરકારી રહેઠાણની વ્યવસ્થા કરી શકી નથી. કામચલાઉ રીતે એક



બંગલો પસંદ કરવામાં આવ્યો છે પરંતુ હાલમાં તે એ બંગલામાં એક કેન્દ્રીય મંત્રી રહે છે. જો ધનખર આ ઘરને મંજૂરી આપે છે તો વર્તમાન મંત્રીએ ખાલી કરવાની પ્રક્રિયા શરૂ કરવી પડશે. તે પછી, ધનખરની જરૂરિયાતોને અનુરૂપ નવીનીકરણ હાથ ધરવામાં આવશે. આ બધામાં કદાચ ઘણા મહિના લાગશે. તે સમયગાળા માટે ધનખર ક્યાં જશે? પસંદગી કામચલાઉ સરકારી રહેઠાણ અને ખાનગી રહેઠાણ વચ્ચે છે. તે સ્પષ્ટપણે એક અભૂતપૂર્વ પરિસ્થિતિ છે.

## આપણા ધનિક અને ગરીબ મુખ્ય મંત્રીઓ

આપણા મુખ્ય મંત્રીઓની સંપત્તિના તાજેતરના સર્વેક્ષણમાં કેટલાક રસપ્રદ ડેટા બહાર આવ્યા છે. એવું લાગે છે કે, દેશના સૌથી ધનિક મુખ્ય મંત્રીઓ ક્રમશઃ આંધ્ર પ્રદેશના મુખ્ય મંત્રી ચંદ્રબાબુ નાયડુ, અરુણાચલ પ્રદેશના મુખ્ય મંત્રી પેમા ખાંડુ અને કર્ણાટકના મુખ્ય મંત્રી સિદ્ધારમૈયા છે. સૌથી ગરીબ મુખ્ય મંત્રીઓમાં



પશ્ચિમ બંગાળના મુખ્ય મંત્રી મમતા બેનર્જી, જમ્મુ અને કાશ્મીરના મુખ્ય મંત્રી ઓમર અબ્દુલ્લા અને કેરળના મુખ્ય મંત્રી પિનરાઈ વિજયનનો સમાવેશ થાય છે, ફરીથી તે જ ક્રમમાં. સૌથી ધનિક અને ગરીબ વચ્ચેનો તફાવત ખૂબ મોટો છે. નાયડુની સંપત્તિ 931 કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે, જ્યારે મમતા પાસે ફક્ત 15 લાખ રૂપિયાની સંપત્તિ છે. બીજી મહત્ત્વપૂર્ણ માહિતી જે બહાર આવી તે એ છે કે રાજકીય પક્ષો નારીશક્તિના શપથ લે છે છતાં ભારતમાં ફક્ત બે મહિલા મુખ્ય મંત્રી છે. તે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી અને નવી દિલ્હીમાં રેખા ગુપ્તા છે.

**સટ્ટાક** — **કમલ**

